સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ચૂંટણીનું દાન, ફરજીયાત 'ફંડણી' હોય છે!
ને ઉત્સવોમાં જાહેરાત છાની 'દંડણી' હોય છે!
હોય છે સંડોવણી - બધા હપ્તાની ઉઘરાણીમાં -
ટાર્ગેટની સિદ્ધિ, સરકારી ખંડણી જ હોય છે...

હાઈકુ

'દલીલ નહીં!'
હસીને આપી દો દંડ -
પડશે લાફા!!

આમ ન થાય?
બૂટલેગર સાથે - ?
સજામાં 'હપ્તો'?

ચિંતન

વખત કહો અરૂ ભાગ્ય કહો, કહો નસીબ નિરધાર,
હજાર નામ 'મન' કે ધરો, 'મન' હી સરજન હાર.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

ક્યારેક સંજોગો પ્રતિકૂળ આવે, આપણું ધારેલું કંઈ કામ ન થાય, જે કંઈ કરો તેમાં નિષ્ફળતા જ મળે. ગમે તેટલી મહેનત કરવા છતાં તમને ગમતું કાર્ય પાર ન પડે, ત્યારે આપણે સૌ કહીએ છીએ કે હું કમનસીબ જ છું, અત્યારે મારો સમય ખરાબ ચાલે છે.

આવું વિચારતા મનુષ્યોને કબીર ઉપદેશ આપતાં કહે છે કે, 'હે મનુષ્ય,' વખત નસીબ કે ભાગ્ય જેવું કંઈ છે જ નહીં, આવી ખોટી ભ્રમણામાંથી બહાર આવી જાઓ. જે કંઈ છે તે મનની જ પેદાશ છે. મનમાં સારા વિચારો હોયતો સારા બાહ્ય પદાર્થો પ્રત્યે આપણું મન આકર્ષિત થાય છે. અને તે સારી વસ્તુ આપણને પ્રાપ્ત થાય છે. એ જ પ્રમાણે ખોટા અને ખરાબ વિચારોનું ફળ પણ તેવું જ મળે છે. માટે ભાગ્યને અને સમયને દોષ દેવાને બદલે તમારા મન પર કાબૂ રાખી તેને સારા વિચારો દ્વારા સાચા માર્ગે વાળો.

સુવિચાર

- પ્રેમભરી ભાષા એ જ ધર્મની ખરી ભાષા છે - **સંત રોબિન**
- મૃત્યુ નહીં, પરંતુ મૃત્યુનું કારણ માનીને શહીદ બનાવે છે - **નેપોલિયન**
- વચનોની કઢી અને વચનોના ભાત એ બંનેથી કઈ કોઈ તૃપ્ત થયું છે - **સંત તુકારામ**
- હું તારા વગર જીવી નહીં શકું એ પ્રેમ નથી -
  પણ તું મારામાં જીવતો રહીશ તે પ્રેમ છે - **કાજલ ઓઝા વૈદ્ય**
- મનની શાંતિનું મુલ્ય સંપત્તિ અને સ્વાસ્થ્ય કરતાં ઘણું વધારે છે - **ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્**
- ક્યારેક કાગળ કોરો છોડી દેવાની પણ મજા છે,
  લખેલા શબ્દોમાં ઓળખાઈ જાય છે માણસ - **ચંદ્રેશ વ્યાસ**
- આજનું ઔષધ : પાંચ ગ્રામ ઘી- પાંચ ગ્રામ મધ સવાર-સાંજ લેવાથી પેટ સાફ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈરાનના બે મહાત્મા અબુ અલી શરીફ અને ઈબ્રાહીમ વચ્ચે ધર્મ-વાર્તાલાપ થયો. અબુ શરીફે પૂછ્યું, 'ઈબ્રાહીમ આપ જીવનનિર્વાહ માટે શું કરો છો? ઈબ્રાહીમે કહ્યું, 'હું તો અલ્લાની ભક્તિમાં મસ્ત રહું છું. કોઈ ખાવાનું આપી જાય તો ખુદાનો અને અન્ન આપનારનો આભાર માનું છું. કોઈ દિવસ જમવાનું ન મળે તો મનમાં ધીરજ રાખીન ભૂખ્યા પેટે સૂઈ રહું છું.' શફીકે કહ્યું, 'આ કંઈ મોટી વાત નથી. મારી શેરીના કૂતરાને કોઈ રોટલી આપે તો તે પૂંછડી હલાવીને કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. અને રોટલી ન મળે ત્યારે ખૂણામાં પડ્યો રહે છે.' ઈબ્રાહીમે શફીકે પૂછ્યું, 'આપ જીવનનિર્વાહ માટે શું કરો છો?' શફીકે કહ્યું, 'મને કોઈ ખાવાનું આપે ત્યારે મારી આજુબાજુ કોઈ ભૂખ્યું હોય તો તેને પહેલાં આપું છું,પછી જે કંઈ વધે એ હું ખાઈ લઉં છું. કોઈ દિવસ ખાવાનું ન મળે ત્યારે હું બમણી તાકાતથી ખુદાની બંદગી કરું છું. અને ખુદાનો આભાર માનું છું કે તેમણે મને અનાયાસે રોજો કરવાની સુંદર તક પૂરી પાડી.' ઈબ્રાહીમે કહ્યું, 'જનાબ, હું ભૂખ્યો રહીને શાંત રહી શકું છું. પણ ખુદાની બંદગી કરી શકતો નથી. આપ અનન્ય છો. તમારી આ કક્ષાની બંદગી કરવા માટે બીજો જન્મ લેવો પડશે.'

'સિંધુદેશ'ની માંગણીને સમર્થન જરૂરી

તંત્રીસ્થાનેથી...

સિંધુ નદી અને 'હિંદુ' દેશ સાથે ઐતિહાસિક, ભૌગોલિક અને વહેવારુ સંબંધ ધરાવતા પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં સિંધુ રાષ્ટ્રવાદના જનક જી.એમ. સૈયદની ૧૧૭મી જયંતી વખતે થયેલ પ્રદર્શન માત્ર દેખાવ પૂરતું નહોતું. એમાં હજારોની સંખ્યામાં ભેગા થયેલા લોકોએ જામશોરોના રાજમાર્ગ પર રેલી કાઢી સ્વતંત્રતાના નારા લગાયા એટલું જ નહીં, નરેન્દ્ર મોદી સહિત સાત વૈશ્વિક નેતાઓનાં પોસ્ટરો લહેરાવીને પોતાની વાજબી માગણીને સમર્થન આપવા અને બુલંદ કરવાનું આહ્‌વાન પણ કર્યુ હતું. એમના આ પ્રદર્શન પાછળ ભારતનો દોરીસંચાર મુદ્દલ નહોતો નહીંતર વિદેશ ખાતાએ એવું નિવેદન ન જ કર્યુ હોત કે પાકિસ્તાનમાં તો આવાં પ્રદર્શનો અલગ અલગ પ્રાંતોમાં અવારનવાર થતાં જ રહે છે. એ યાદ રાખવું જોઈએ કે સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાને પોતાના વિસ્તારને હિંદુસ્તાનથી અલગ કરવા બદલ ઘણો આક્રોશ ઠાલવ્યો હતો. 'આઝાદ કાશ્મીર' નામે ઓળખાતાવાતો પ્રદેશ પણ પાકિસ્તાનના જોરજુલમી શાસનથી આઝાદ થવા માગે છે. અલબત્ત, એ વાત સાચી કે પાકિસ્તાનના સત્તાકારણમાં કેન્દ્ર સ્થાને પંજાબ જ રહેતું આવ્યું છે. આર્મી અને ચૂંટાયેલી કહેવાતી સરકાર મહદંશે પંજાબ પ્રાંત હસ્તગત રહેલ છે. જો કે પાકિસ્તાનના જનક તો શુદ્ધ કાઠિયાવાડી હતા અને જૂનાગઢથી નાસીને ગયેલા ભૂટ્ટો પરિવારે પણ પાકિસ્તાનના રાજકારણમાં એનું વર્ચસ્વ જમાવેલું છે. છતાં સિંધની પ્રજાને પાકિસ્તાનના જોરજુલમ તથા સિંધુ અસ્મિતાને નામશેષ કરી એનું ઈસ્લામીકરણ કરવાનું ક્રૂર વલણ માફક નથી આવ્યું તેનો જ આ પ્રદર્શનમં પડઘો પડે છે. 'સિંધુ અસ્મિતા' એ 'જિયે સિંધ' શીર્ષક હેઠળ સતત ચાલતા રહેતા આંદોલનના મૂળમાં છે. સિંધ ઐતિહાસિક અને ભૌગોલિક રીતે ભારત સાથે સંકળાયેલ પ્રદેશ હતો. અંગ્રેજોએ મુસ્લિમ બહુમતીના મુદ્દે ૧૯૪૭ના વિભાજન વખતે પ્રજાને પૂછ્યા વગર એને પાકિસ્તાનનો પ્રાંત જાહેર કરી દીધો એ પછી કરાંચી જેવા સાંસ્કૃતિક અને વાણિજ્યિક નગરથી લઈ સિંધના અંતરિયાળ વિસ્તારો સુધી પાકિસ્તાનના ઈસ્લામિક સ્ટેટ તથા ઉર્દૂનો અણગમતો ઓથાર વેઠી રહેલા રાષ્ટ્રવાદી સિંધી અગ્રણીઓ પર દમનનો કોરડો વીંઝાતો રહ્યો છે. ભારતીય પુરાતત્ત્વવિદ્ રાખાલદાસ બેનર્જીએ બ્રિટીશ રાજ દરમિયાન જ સિંધમાં ઉત્ખનન કરી વિશ્વની પ્રાચીન દ્રવિડ સંસ્કૃતિના કેન્દ્ર તરીકે સિંધુ ખીણને પ્રતિષ્ઠા અપાવી હતી. સિંધુ ઘાટીની પ્રાચીન સભ્યતા અને વૈદિક સંસ્કૃતિ સાથેનો આ પ્રદેશનો અનુબંધ સ્થાનિક પ્રજા માટે ગૌરવનો વિષય હતો, પરંતુ ઈસ્લામિક આતંકવાદ એને નેસ્તનાબૂદ કરાવાની એક પણ તક જતી કરવા તૈયાર નથી. સિંધુ રાષ્ટ્રવાદ અને હિંદુ રાષ્ટ્રવાદ એકબીજાના પૂરક છે. ધર્મ પરિવર્તનથી રાષ્ટ્રવાદને નિર્મૂલ કરી શકાતો નથી. મૂળે 'હિંદુ' શબ્દ જ 'સિંધુ'નું તદ્‌ભવ સ્વરુપ છે. બાંગ્લાદેશનો જન્મ બાંગ્લા પર ઉર્દૂ થોપી દેનાર પશ્ચિમ પાકિસ્તાની અર્થાત્ પંજાબી પાકિસ્તાનીઓના જુલમમાંથી જ થયો હતો. ભાષાની અસ્મિતાના નામે શેખ મુજીબુર રહેમાનની આગેવાનીમાં શરૂ થયેલી લડતને ભારતનું સમર્થન સાંપડકતાં ૧૯૭૧ના ઐતિહાસિક યુદ્ધમાં પાકિસ્તાની સેનાનો કારમો પરાજય થયો હતો અને વિશ્વના નકશા પર એક નવા રાષ્ટ્રનો ઉદય થયો હતો. હકીકત તો એ છે કે પાકિસ્તાન ધર્મના નામે જુદો પડેલો 'કત્રિમ દેશ' છે. બલુચિસ્તાન, પખ્તુન પ્રાંત અને પાક અધિકૃત કાશ્મીરમાં પણ પાકિસ્તાનથી આઝાદ થવાની નાની મોટી ચળવળ ચાલતી જ રહે છે. સિંધની ચળવળ ભૌગોલિક સંદર્ભે વિશેષ મહત્ત્વની છે કારણ કે સિંધી સંસ્કૃતિએ ભારતીય સંસ્કૃતિનો જ ભાગ છે. વળી આપણું કચ્છ અને સિંધ પાડોશી વિસ્તારો છે. કચ્છી ભાષા અને સિંધી ભાષા વચ્ચે પણ ઘણું સામ્ય છે. આશા રાખીએ કે 'સિંધુ દેશ' ની ચળવળને આંતરરાષ્ટ્રીય સમર્થન સાંપડે.

...પૈસાનો બગાડ થાય તે હું સહન કરી શકતો નથી

નવાં કલેવર

નટવર હેડાઉ

હર્ષિતના હર્ષનો પાર ન હતો. તેણે આરવ, ક્ષિતિજ અને તેજસને બોલાવ્યા હતા. તેના ત્રણે મિત્રો આવી ગયા. તેમને એમ હતું કે છવ્વીસમી જાન્યુઆરી આવી રહી છે તેથી કંઈક કાર્યક્રમની ગોઠવણ કરવાની હશે. કોવિડ-૧૯ની રસીકરણનો કાર્યક્રમ પણ ચાલે છે તે માટે લોકોમાં ભ્રમ, શંકા-કુશંકાઓ અને કાલ્પનિક ભયને કારણે કેટલાક લોકો અફવાઓ ફેલાવી રહ્યા છે. તેમની સામે કંઈક કરવાની વાત પણ હોઈ શકે છે. લાંબા સમયથી ચાલતું કિશાન આંદોલન દેશભરમાં પ્રસરી રહ્યું છે. ત્યારે શહેરની શાંતિ જળવાઈ રહે તે માટે પણ કદાચ કોઈ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હોય એવું બને.

અનેક પ્રશ્નો અને વિચારોમાં ગૂંચવાતા મિત્રો હર્ષિતે આપણને શું કામ બોલાવ્યા હશે તેની ગડમથલમાં હતી. કંઈ ફોડ પાડી પડે તો ખબર પડે. હર્ષિત ચૂપચાપ બેઠો મિત્રોના મગજમાં એક્સરે પાડી રહ્યો હતો. છેવટે તેજસે કહ્યું 'હર્ષિત શું વાત છે. આજ સવાર સવારમાં બધાને તે બોલાવી લીધા છે. અમારે ઘણાં કામ છે છતાં તે કીધું એટલે અમે આવી ગયા. કંઈક કહે તો ખબર પડે?'

'ફ્રેન્ડસ, ધીમા પડો, ધીરજનાં ફળ મીઠા.' આજે એક મહત્વના કામ માટે મેં તમને બધાને ભેગા કર્યા છે. તમે તો જાણો જ છો કે અયોધ્યામાં રામમંદિરનું કામ પૂરઝડપે ચાલી રહ્યું છે. તેમાં મોટો ખર્ચ થનાર છે. તેના માટે ફાળો એકઠો કરવાની અપીલ કરવામાં આવી છે.'

'હાં.... હાં... તારી વાત સાચી છે. મેં તો છાપામાં વાંચ્યું કે એક મુસ્લિમ બિરાદરે પણ તેમાં ફાળો આપ્યો છે અને રાષ્ટ્રપતિજીએ પણ...' ક્ષિતિજે કહ્યું.

'ક્ષિતિજ તું બહુ દૂર સુધીનું વિચારે છે. પણ આપણે શું કર્યુ ?' હર્ષિતે સીધો જ પ્રશ્ન પૂછ્યો.

'હા... હા.... એ વાત સાચી છે!' બધા મિત્રો બોલી પડ્યા.

'તો શું આપણે પણ ફાળો એકત્ર કરવા જવાનું છે?' તેજસે પૂછ્યું.

'હાં, તે માટેની પાવતી બુકો આવી ગઈ છે.' હર્ષિતે પાવતી બુકો બતાવી.

'પણ, પહેલાં કોની પાસે જઈશું ?' આરવે પ્રશ્ન કર્યો.

'જગજીવન શેઠ પાસે' હર્ષિતે ચોખવટ કરી. ચારે મિત્રો શેઠના બંગલે પહોંચ્યા. તે વખતે શેઠ પોતાના નોકરની સાથે બહાર જઈ રહ્યા હતા. શેઠે કહ્યું 'પહેલાં ભગવાનની સામે દીવો પ્રગટાવી દે, પછી આપણે નીકળીએ.'

નોકર માચિસની ડબ્બી લાવ્યો. સળી કાઢી સળગાવી પણ સળી દીવાની વાટ પાસે પહોંચે તે પહેલાં બુઝાઈ ગઈ. ત્રણ ચાર વખત એવું જ થયું. આ જોઈ શેઠ તેના પર ગુસ્સે થઈ ગયા.

ફાળો ઉઘરાવવા ગયેલ ચારે મિત્રો આ જોઈ દંગ રહી ગયા. અને તેમની ફાળો માંગવાની હિંમત જ ન થઈ. જગજીવન શેઠે ફાળો ઉઘરાવવા આવનાર યુવાનો તરફ જોયું અને બોલ્યા 'તમે કેમ આવ્યા છો?'

હર્ષિત 'ના, શેઠ અમે તો અમસ્તાં જ...'

'તમે આવ્યા જ છો, તો આવવાનું કારણ કહો' શેઠ આગ્રહ કર્યો.

'અમે આપની પાસે ફાળો લેવા આવ્યા હતા પણ હવે ઈચ્છા નથી.' હર્ષિત અને તેજસ એક સાથે બોલી ઉઠ્યા.

'ઈચ્છા કેમ નથી? શું વાત છે? તમારે શું જોઈ છે?'

આરવ આગળ આવ્યો. તેણે આખી વાત કરી. શેઠ ખુશ થઈ ગયા.તેમણે તાત્કાલિક ખિસ્સામાંથી ચેકબુક કાઢી દસ હજારનો ચેક લખી આપ્યો, ચારે મિત્રોને વિસ્મય થયું. તેમનાથી રહેવાયું નહીં. 'ક્ષિતિજે પૂછ્યું.' 'શેઠ તમે દીવાસળીની બે સળી માટે નોકરને ધમકાવી નાંખ્યો અને અમને દસ હજારનો ચેક લખી આપ્યો,. આપના આ વ્યવહારનું રહસ્ય કંઈ સમજાયું નહીં.'

શેઠ બોલ્યા, 'તમને ખબર નથી. મને ખોટો ખર્ચ થાય કે પૈસાનો બગાડ થાય તે હું સહન કરી શકતો નથી. પણ હાં જયાં જરૂર છે ત્યાં દસ હજાર તો શું દસ લાખ આપવા પડે તો તેની ચિંતા નથી.'

શેઠની આ વાત ચારે મિત્રોને ગળે ઉતરી ગઈ.

વચનબધ્ધતા : પાળેલા વચનો ઉપર સંબંધોનું ભવિષ્ય આધારીત હોય છે

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

હિન્દી ફિલ્મ જગતનાં બે દિગ્ગજ કલાકારો પૃથ્વીરાજ કપૂર (૧૯૦૬-૧૯૭૧) અને વી. શાંતારામ (૧૯૦૧-૧૯૯૦)નાં જીવનનો એક સુંદર પ્રસંગ છે. આ પ્રસંગ વી. શાંતારામની દીકરી સુ.શ્રી. મધુરા પંડીત જસરાજે પોતાનાં પુસ્તક ''વી. શાંતારામ, ધ મેન હુ ચેન્જડ ઈન્ડીયન સિનેમા'' માં નોંધી છે.

વી. શાંતારામ સન. ૧૯૫૦માં ''દહેજ'' નામની બનાવી રહ્યા હતા. એ ફિલ્મમાં લખનૌનાં એક રઈશ વ્યકિતનું મહત્વનું પાત્ર હતું. એ પાત્ર માટે વી. શાંતારામની નજર પૃથ્વીજી ઉપર ગઈ. બંને મળ્યા. પૃથ્વીજીને ફિલ્મની વાર્તા અને એ પાત્ર ગમ્યા અને એ ફિલ્મમાં ભૂમીકા ભજવવા માટે પૃથ્વીજીએ સંમતી આપી.

શાંતારામજીએ પૃથ્વીજી સમક્ષ એક શરત મૂકી કે જ્યાં સુધી 'દહેજ' ફિલ્મ પૂરી ન થાય ત્યાં સુધી પૃથ્વીજીએ અન્ય બીજી કોઈપણ ફિલ્મમાં અભિનય ન કરવો.

પૃથ્વીજી માટે એ સમયે આ પ્રકારની શરત પાળવી મુશ્કેલ હતી કારણ કે તેમને ઘણી ફિલ્મોની ઑફર્સ એ આવ્યા કરતી હતી. આમ છતાં શાંતારામજીનાં વ્યકિતત્વ અને તેમની ફિલ્મ બનાવવાની શૈલીથી પ્રભાવિત થઈને પૃથ્વીજીએ એ શરત માન્ય રાખી. પૃથ્વીજીએ ત્યાં સુધી કહ્યું કે જ્યાં સુધી શાંતારામજી પોતે એવું જાહેર નહિ કરે કે 'દહેજ'' ફિલ્મ પૂરી થઈ ગઈ છે ત્યાં સુધી પોતે બીજી કોઈ જ ફિલ્મમાં કામ નહિ કરે.

શાંતારામજીએ સંકોચ સાથે બીજી એક સ્પષ્ટતા કરી કે 'દહેજ''ની ભૂમીકા માટે પૃથ્વીજીને માત્ર રૂપિયા દસ હજારનું જ મહેનતાણું ચૂકવી શકશે કારણ કે એ ફિલ્મનું બજેટ ખૂબ જ ઓછું હતું. એ સમયે પૃથ્વીજી એક ફિલ્મનાં પંચોતેર હજાર લેતા હતા. આમ છતાં તેઓ શાંતારામજીનાં પ્રસ્તાવ સાથે સંમત થયા. પૃથ્વીજીએ શાંતારામજી સમક્ષ પોતાની એક શરત મૂકી કે ''દહેજ'' ફિલ્મ જો બોક્ષ ઓફિસ ઉપર સફળ થાય તો પોતાની નાટક કંપની માટે શાંતારામજીએ વધારાના દસ હજાર રૂપિયા આપવાના. તેમણે ખાતરી આપી કે એ વધારાના નાણાં પોતે નાટકનાં કલાકારો માટે જ વાપરશે. પૃથ્વીજીની શરત સાથે શાંતારામજી પણ સંમત થયા. બંને એકબીજા સાથે વચનબધ્ધ થયા.

ફિલ્મ ''દહેજ'' નું શૂટીંગ શરૂ થયું. શૂટીંગ ચાલતું હતું એ દરમ્યાન પૃથ્વીજીનાં દીકરા રાજકપૂરની ફિલ્મ 'બરસાત'(૧૯૪૯) ખૂબ જ સફળ થઈ. એ સફળતાથી ઉત્સાહીત રાજકપૂરે પોતાની બીજી ફિલ્મ 'આવારા'(૧૯૫૧) બનાવવાની યોજના કરી. એ ફિલ્મમાં પોતાના પિતા પૃથ્વી એક મહત્વની ભૂમિકા ભજવે એવું રાજકપૂર ઈચ્છતા હતા. રાજકપૂરના પ્રસ્તાવ સામે પૃથ્વીજીએ સ્પષ્ટ રીતે કહી દીધું કે ''દહેજ'' ફિલ્મ પૂરી નહી થાય ત્યાં સુધી પોતે 'આવારાહ્ન ફિલ્મમાં કામ કરશે નહીં કારણ કે પોતે વી.શાંતારામ સાથે વચનબધ્ધ છે.

ત્યાર પછી એવું જ થયું. શાંતારામજીએ ''દહેજ'' ફિલ્મ પૂરી થઈ છે એવી જાહેરાત કરી પછી જ પૃથ્વીજીએ 'આવારા' નું શૂટીંગ કર્યુ. 'દહેજ' ફિલ્મ સફળ થઈ. શાંતારામજીએ પૃથ્વીજીને આપેલા વચન પ્રમાણે વધારાના દસ હજાર રૂપિયા ચુકવ્યા. આમ બંને દિગ્ગજોએ પોતાનાં બોલ પાળ્યા.

આપણાં રોજ-બરોજનાં વ્યવહારોમાં આપણે સ્નેહી-સંબંધીઓને ક્યારેક ને ક્યારેક, વિવિધ પ્રકારના વચનો આપતા જ રહેતા હોઈએ છીએ. એ વચનો નાણાકીય હોય શકે, કંઈક કાર્ય કરવાના હોય શકે, કંઈ ન કરવાના હોય શકે, કોઈ મદદ આપવાના કે સહકાર આપવાના હોય શકે કે સામાજીક વ્યવહારનાં હોય શકે આપણાં સંબંધોમાં આપેલા વચનો પાળવા જરૂરી બનતા હોય છે કારણ કે આપણે પાળેલા એ વચનો ઉપર આપણાં સંબંધોનું ભવિષ્ય આધારીત હોય છે.

આપણાં રોજ-બરોજનાં સામાજીક વ્યવહારોમાં આપેલા વચનોમાંથી જે વચનો પાળવા સરળ, સહેલા અને અનુકૂળ હોય એવા પાળીએ અને જે વચનો પાળવામાં મુશ્કેલીઓ નડતી હોય, વધારે મહેનત કરવી પડતી હોય એવા ન પાળીએ તો એ સગવડીયો ધર્મ કહેવાય. એવું કરવાથી આપણી વિશ્વાસનિયતા કાયમી રહેતી નથી. હા, એવું બને કે કેટલાક અપવાદ રૂપ વચનો આપણે પાળી ન શકીએ કારણકે આપણો સંજોગો કે પરિસ્થિતીનાં શિકાર બની ગયા હોઈએ. વચનપાલનમાં સાતત્ય જરૂરી છે. સાતત્ય જાળવવાથી આપણી વિશ્વાસનિયતા દ્રઢ બનતી હોય છે.

ક્યારેક વધુ પડતાં ઉત્સાહમાં આવી જઈને, ક્યારેક માન-સન્માન મેળવવાનાં ઈરાદાથી વિચાર્યા વિના આપણે ધણા વચનો આપી દેતા હોઈએ છીએ. ક્યારેક લાગણીનાં આવેશમાં પણ આવું થતું હોય છે. આ રીતે આપેલા વચનોમાં કેટલાક વચનો તો પાળી શકાય એવા હોતા જ નથી. આવું થવાથી આપણે આપેલા વચનોમાંથી પાછા પગલા ભરવા પડતાં હોય છે, થૂકેલું ચાટવું પડતું હોય છે જેને કારણે આપણી વિશ્વાસનિયતા જોખમમાં મુકાતી હોય છે. આ પ્રકારની પરિસ્થિતી ટાળવા માટે વચનો આપતા પહેલા બે વાર વિચારી લેવું જરૂરી બનતું હોય છે. વચનો એવા જ આપીએ જે આપણે પાળી શકીએ.

પૃથ્વીજીએ જ્યારે શાંતારામજીએ વચન આપ્યું ત્યારે તેમણે કલ્પના પણ નહી હોય કે પોતાનું વચન પાળવા માટે તેમને પોતાનાં દીકરાની ફિલ્મને પણ રોકી રાખવી પડશે. આમ છતાં, પોતે આપેલું વ્યવસાયિક વચન પાળવા માટે પોતાનાં વચનને વળગી રહ્યા અને ફિલ્મ ઉદ્યોગ તથા સમાજને વચનબધ્ધતાનું એક આદર્શ ઉદાહરણ પૂરું પાડયું.

આપણાં વ્યકિતત્વનાં અનેક પાસાઓ છે, લક્ષણો છે. કેટલાક બાહ્ય અને કેટલાક આંતરિક વચનબધ્ધતા તેમાનું એક મહત્વનું લક્ષણ છે. વચનબધ્ધતા આપણાં ચારિત્ર્યનો એક અંશ છે, આપણાં જીવનનું એક મૂલ્ય છે. એવું કહેવાય છે કે સારા ઈરાદાવાળા લોકો વચનો આપે છે અને સારા ચારિત્ર્યવાળા લોકો વચનોને પાળી બતાવે છે.

વચનપાલન થકી સ્નેહી-સંબંધીઓ, મિત્રો સાથેનાં અને સામાજીક સંબંધોમાં આપણું માન-સન્માન જળવાતું હોય છે અને તેમાં વધારો થતો હોય છે. તેના થકી આપણાં સંબંધો વધારે નજીક આવતા હોય છે અને મજબૂત બનતા હોય છે. આપણે આપેલા વચનોનું પાલન કરવાથી ધણું બધું મેળવી શકાતું હોય છે પણ વચન પાલન ન કરવાને લીધે ક્યારેક બધું જ તૂટી જતું હોય છે, બધું જ છિન્નભિન્ન થઈ જતું હોય છે, વેરવિખરે થઈ જતું હોય છે. જે તૂટી જતું હોય છે, જે છિન્નભિન્ન થતું હોય છે, જે વેરવિખેર થઈ જતું હોય છે એ હોય છે આપણું વ્યકિતત્વ, આપણું ચારિત્ર્ય, આપણાં મૂલ્યો અને આપણાં સંબંધો.

ચાલો, આપણે પણ આપણાં સંબંધો, વ્યકિતત્વ, ચારિત્ર્ય અને મૂલ્યોને તૂટતાં બચાવવા માટે વચનબધ્ધ બનીને વચનપાલન કરીએ અને આપણાં વ્યકિતત્વ, ચારિત્ર્ય, મૂલ્યો અને સંબંધોનું જતન કરીએ.

મહિલા સશક્તિકરણના માર્ગે નશીલા પદાર્થ - એક મોટું સંકટ

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પૂરા સંસારરુપી રથના મુખ્ય બે ચક્ર છે જેમાં એક પુરુષ છે અને બીજું એક સ્ત્રી છે. સ્ત્રીને ઈશ્વરે માતૃત્વની મહામુલી બક્ષિસ આપી છે. સ્ત્રી સંસારમાં પગ મૂકે અને જયારે એ સંતાનની માતા બને છે ત્યારે એ પૂર્ણતા ધન્યતા અને ત્યાગમાં બધું જ પ્રાપ્ત કરે છે. અર્થાત્ માતૃત્વમાં ઈશ્વરીય શક્તિઓ ઉમેરાય ત્યારે સંસારમાં નવા વ્યક્તિત્વનું સર્જન અને ઘડતર થતું હોય છે. જયાં મહિલાઓનું સન્માન થાય ત્યાં નારાયણ ખુદ ખુશ થઈ આશિષ આપતા હોય છે. સો શિક્ષકોના પુરુષાર્થ બરાબર એક માતા ! માતા શિક્ષિત હોય કે અશિક્ષિત એ બહુ મહત્ત્વની વાત રહેતી નથી કારણ કે એ માતા બની એ સૌથી અગત્યની ઘટના છે. હવે સ્ત્રીઓ મહદંશે દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે અને સરકાર પણ ઘણી બધી સહાયતા કરે છે. શિક્ષણ વધ્યું અને બધા જ પ્રકારના ધંધા-સર્વિસ ઉદ્યોગ-પ્રશાસન ઈત્યાતિમાં મહિલાઓ ખૂબ પ્રગતી કરી રહી છે જે આનંદદાયક અને ઉચિત છે. જમાનો બદલાયો સમયે કરવટ બદલી અને એની સાથે તાલમેલમાં મહિલાઓ આજે જરૂર પુરુષ સામે પોતાનું યોગદાન આપતી થઈ છે પ્રત્યેક પરિવાર હવે દીકરીના અવતરણને ઈશ્વરના વધુ આશીર્વાદ માની તેના ઉછેરમાં પણ ઘણો ખ્યાલ રાખે છે. ભારતની મહિલા પ્રત્યેક ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરી રહી છે. ભારતની મહિલા પ્રત્યેક ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરી છે. જેમાં સુરક્ષા અને લશ્કર તથા તબીબી ક્ષેત્રનો પણ સમાવેશ થાય છે. જે પરિવાર આર્થિક રીતે બહુ સક્ષમ નથી તેમના સંતાનો તો વધુ પરિશ્રમ કરી પ્રથમ ક્રમે સફળતા લઈ આવે તેવા અનેક ઉદાહરણો આપણી નજર સામે આવતા રહે છે! નારી વર્ગની જાગરૂકતા વધી છે, જવાબદારી પણ વધી રહી છે - પરંતુ એક-બે બાબતો એટલી જ આગળ વધી રહી છે તેનાથી ચિંતા થાય તેવું છે જેનું ચિંતન કરી ઉપાયો યોજવાનો સમય પણ આવી ગયો હોય તેવું લાગે છે. ઘણું બધું નિરીક્ષણ કરતા આ હકીકતની ગંભીરતા લાગી રહી હતી જેના અંગે તાજેતરમાં જ જે સર્વે કરવામાં આવ્યો એ મુજબ ગુજરાતમાં દારૂના સેવનમાં સ્ત્રીઓની સંખ્યા બમણી થઈ અને આ ઉપરાંત તમાકુ-ગુટખા સિગારેટની લતમાં પણ મહિલાઓની સંખ્યામાં વૃદ્ધિ થઈ છે. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની અંદર આ સર્વે થયો તો સ્થિતિમાં વૃદ્ધિ થઈ એ નક્કર વાત સામે આવી છે!

અહેવાલોનાં આંકડામાં આપણે જતા નથી પરંતુ આ સ્થિતિ શા માટે ઉભી થઈ એ અંગે સમાજના વિવિધ લોકો એ જરૂર ચિંતન કરવું પડે એ વાત મુખ્ય છે. પ્રત્યેક નાગરિક તેમના પરિવારમાંથી, મિત્રોમાંથી,ગુરુજનો પાસેથી કંઈક પ્રાપ્ત કરે જ છે જેમાં માતાની ભૂમિકા સૌથી અગ્રસ્થાને હોય છે. હવે જરા વિચાર કરીએ કે મહાવિદ્યાલયો કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા યુવાનોની સંગત કે મૈત્રીમાં ખેંચાઈને મહિલા વર્ગ નશાના, ગુટકા, તમાકુ કે ડ્રગ્ઝસના રવાડે ચડી જાય તો શારીરિક જે હાનિ થવાની, હોય એ તો થાય જ છે પરંતુ ભાવિ તેમનું માતૃત્વ પણ અવશ્ય વિકૃત થઈ જાય છે. જેનો અંદાજ યુવાનીનો જોશમાં યાદ રાખવાનું ભૂલાઈ છે!!

ચા ના કટિંગ કપના ઘૂંટડા બાદ સિગારેટના કશ મારતી કોલેજિયન યુવા મહિલાઓને જોઈએ ત્યારે મનમાં એક ઝટકો અવશ્ય લાગે છે. સુરત, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર જેવા શહેરોમાં નામાંક્તિ પાનના ગલ્લા ઉપર ઝડપથી પોતાના પર્સમાંથી મોટી ચલણી નોટ નિકળે ત્યાં સામે ગલ્લાના કાઉન્ટર ઉપરથી આ પ્રકારના માલની ડિલીવરી થઈ જાય એવું જયારે જોવા મળે ત્યારે એવી શંકા ઉપજે કે શું આપણે ખરેખર આ પ્રકારના વિકાસ માટે રાતદિવસ દોડીએ છીએ? ક્ષણિક આનંદ માટે અસ્તિત્વના ભાવિ આનંદને ખોઈ જતાં હોવાની સભાનતા કેમ ગુમ થઈ જાય છે? ન શો અત્યંત ઘાતક હોવા છતાં એ ચાલુ રહે ત્યારે સમજી લેવાનું કે આ વિશ્વ વિનાશ માટે આગળ વધી રહ્યું છે. નશીલા દ્રવ્યોના સેવન પાછળ લાખો કારણો હોય શકે પરંતુ તેમાંથી કોઈ પ્રશ્નનું સમાધાન મળતું નથી જ - આ યાદ બધાએ રાખવું જ પડશે. વ્યસનો ઊભા થવામાં માનસિક કારણો વધુ બળવાન હોવાનું જાણવા મળે છે. ઉપરાંત એકવાર લત લાગ્યા પછી મુક્ત થવાનું ઘણું જ અશક્ય જેવું હોવાથી સમાન વ્યસનેષુ સખ્યમ્ - અર્થાત્ જેની આદતોમાં સામ્યતા હોય તેમની વચ્ચે દોસ્તી થાય તેમાં વ્યસન મુખ્ય હોવાનું એક તારણ જોવા મળ્યું છે. નિષ્ફળતામાંથી બહાર આવવા માટે વ્યસન ખપમાં આવતું નથી છતાં હતાશામાં યા નિરાશામાં લોકો વ્યસન તરફ ફંટાઈ જાય છે. ઘણી વાર જીવનના દુઃખો વધી જાય તો વ્યક્તિની સ્થિતિ વ્યસનમાં ડૂબવા તરફ જાય છે. ગુજરાતમાં કડક કાનૂન હોવા છાતં હજી નશીલી ચીજો કોઈ પણ રીતે ઉપલબ્ધ થઈ જાય છે તેમાં બધા જ જવાબદાર છે.

ડ્રગ્સઝ, ટોબેકે ઉત્પાદકો અને બીજા માદક પદાર્થોથી મુક્ત સમાજ અન્ય અપરાધમાંથી પણ જરૂર મુક્ત થાય પરંતુ લોકોની વૈચારિક શુદ્ધિ અને ઉમદા વ્યવહાર પણ ઉપયોગી છે. આપણા સમાજની ઓળખમાં આ વ્યસનો બહુ જ નકારાત્મકતા સર્જે છે. મહિલાઓ ઉપર વધુ જવાબદારીઓ લાદવાનું ફળ પણ વ્યસનોમાં પ્રતિબિંબિત થતું જોવા મળે છે. સક્ષમતા ને અનુરુપ અપેક્ષાઓ રાખવાથી પણ વ્યસનમુક્ત થવામાં મદદ મળે છે. પછેડી જેટલી સોડ તાણવી એ કહેવતને સમજવી પડશે. નવા ૨૦૨૧ના વર્ષમાં સમાજ હાલની મહામારીમાંથી તથા વ્યસનોથી મુક્ત થઈ જાય તેવી પ્રાર્થના અને આશા રાખીએ.

શેર આસ્વાદ :

હું હજારો યુદ્ધનો લઈને અનુભવ શું કરું?
જિંદગીમાં કાયમી લડવાનું છે લશ્કર વગર.